# ભિલોડામાં ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્ર પર
# ૯ ટ્રક ભરેલી મગફળી રિજેક્ટ કરાતાં ખેડુતો લાલઘુમ
## આજ દિન સુધીમાં મગફળી ભરેલી ૨૫ ટ્રકો પરત આવી : મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના પટ્ટાંગણમાં મગફળીનું ખરીદી કેન્દ્રમાં ખેડુતોને મગફળી વેચવામાં ભારે હાલાકી ભોગવવાનો વારો છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહ્યો છે. જગતનો તાત હેરાન પરેશાન થઈ રહ્યો છે પરંતુ રાજકીય આગેવાનો ક્યાંય પણ ફરકતા નથી ત્યારે તીવ્ર રોષ દિન-પ્રતિ-દિન વધતો જાય છે. ભિલોડામાં ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્ર ઉપર ગત રોજ ૯ ટ્રક ભરેલી મગફળી નાફેડના અધિકારીઓની મનમાનીના કારણે રિજેક્ટ કરાતાં કિસાન સંઘ અને ખેડુતો લાલઘુમ મામલતદાર રમેશભાઈ પરમારને આવેદનપત્ર અપાયું હતું.

ભિલોડા મગફળી ખરીદ કેન્દ્ર ખાતેથી રવાના કરેલ મગફળીનો જથ્થો પરત આવતાં ખેડુતો એકાએક લાલઘુમ છે. મગફળી ખરીદ કેન્દ્ર ઉપર રાજ્ય સરકારના નિતી નિયમો મુજબ ન્યાયિક રીતે મગફળી અધિકારીઓ ધ્વારા ખરીદવામાં આવે છે.ટ્રકો મારફતે મગફળીનો જથ્થો નાફેડના ગોડાઉનમાં તૈયાર કરી મોકલવામાં આવે છે ત્યારે નાફેડના અધિકારીઓ મગફળીની અંદર ઈયળ છે તેમ કહી મગફળીનો જથ્થો પરત મોકલાવે છે.નાફેડના અધિકારીઓ ધ્વારા ખેડુતોને હેરાન પરેશાન કરવાનું ષડયંત્ર રચાયું હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ભિલોડા મગફળી ખરીદ કેન્દ્ર ઉપર તાત્કાલીક ધોરણે નાફેડના જવાબદાર અધિકારીઓની દેખરેખ હેઠળ મગફળીની ખરીદી કરવામાં આવે તો મગફળી ભરેલી ટ્રકો પરત ન આવે મગફળીની ખરીદી માટે નાફેડના અધિકારીને યુધ્ધના ધોરણે ભિલોડા ખરીદ કેન્દ્ર ઉપર મુંકવામાં આવે તેવી ખેડુતોની પ્રબળ લોકમાંગણી છે.

મગફળી ભરેલી ૯ ટ્રકો નાફેડના અધિકારીઓ ધ્વારા રીજેક્ટ કરવાના




મામલે ખેડુતોએ હોબાળો મચાવ્યો હતો.ખેડુતોના પડખે કિસાન સંઘના આગેવાનો આવતાં ખેડુતોએ રાહતનો દમ લીધો હતો. નાફેડના અધિકારીઓ સામે ધરતીપુત્રોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો. ખરીદ કેન્દ્ર ઉપર ચકાસણી કર્યા બાદ મગફળીની ખરીદી થાય છે પરંતુ નાફેડના ગોડાઉન ઉપર અયોગ્ય પધ્ધતીથી મગફળીની ચકાસણી થાય છે ત્યારે ગત રોજ મગફળી ભરેલી ૯ ટ્રકો રીજેક્ટ કરાતાં ખેડુતો લાલઘુમ થઈ ગયા હતા. ભિલોડામાં મગફળી ખરીદી પુર્વે ગ્રેડર ઓફીસર ધ્વારા યોગ્ય રીતે તપાસ કરવામાં આવે છે પણ નાફેડના અધિકારીઓ મગફળીનો માલ રીજેક્ટ કરે છે ત્યારે ખેડુતોને લાખ્ખો કરોડ્ડો રૂપિયાનું નુકશાન સહન કરવાનો વારો આવશે તેમ ધરતીપુત્રોએ જણાવ્યું હતું.મગફળીનું પેમેન્ટ પણ સમયસર મળતું નથી તેમ ખેડુતોએ જણાવ્યું હતું.



ભારતીય કિસાન સંઘ અરવલ્લી જીલ્લા પ્રમુખ જીવાભાઈ લટાએ જણાવ્યું હતું કે ભિલોડામાં મગફળી ખરીદ કેન્દ્ર ઉપર જવાબદાર અધિકારીઓની દેખરેખ હેઠળ મગફળીની ખરીદી સંતોષકારક થયેલ છે પરંતુ નાફેડના અધિકારીઓની મનમાનીના કારણે મગફળીનો જથ્થો પરત આવતાં ખેડુતોને જાણે કે પાયમાલ કરવાનું ષડયંત્ર ચાલતું હોય તેમ જણાવ્યું હતું.અંતે તો ખેડુતોને જ સહન કરવાનો વારો આવ્યો છે.જેથી નાફેડ ધ્વારા મગફળી ખરીદ કેન્દ્ર ભિલોડા ખાતે નાફેડનો ગ્રેડર અધિકારી સત્વરે નિમણુંક કરવામાં આવે તેમ જણાવ્યું હતું.

તા.૩૧/૧૨/૨૦૧૮ ને સોમવારના રોજ સમી સાંજે મગફળીની અંદર ઈયળ હોવાના બહાને નાફેડના અધિકારીઓ ધ્વારા ગોડાઉન ઉપરથી ૯ ટ્રક ભરેલી મગફળી રીજેક્ટ થઈ હતી.

ભારતીય કિસાન સંઘ ભિલોડા તાલુકા પ્રમુખ શાંમળભાઈ પટેલએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ધ્વારા મગફળી ખરીદીની જાહેરાત કરાઈ ત્યારે ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી પરંતુ આયોજનના અભાવે જ્યારે પાડા-પાડા લડાતા હોય તેમાં ખેડુતોના કચ્ચરઘાણ નીકળી રહ્યો છે.ખેડુતો હેરાન પરેશાન થઈ રહ્યા છે ત્યારે ખેડુતો પાયમાલ બનાવવાનું ષડયંત્ર રચાઈ રહ્યું હોય તેવો ઘાટ ઘડાયો છે.નાફેડના જવાબદાર અધિકારીઓ મારફતે મગફળીની ખરીદી કરવામાં આવે તેવી લોકમાંગણી છે.



ભારતીય કિસાન સંઘ ભિલોડા તાલુકા મંત્રી નરોત્તમભાઈ પાટીદારએ જણાવ્યું હતું કે મગફળી ખરીદ કેન્દ્ર ઉપર ખરીદી દરમ્યાન મગફળીની ૩૦ કિલોની બોરી ભરવામાં આવે છે પરંતુ ઈલેક્ટ્રીક -વે-બ્રીજ ઉપર એક સાથે મગફળીનું વજન અધિકારીઓ ધ્વારા કરવામાં આવે તો ખેડુતોનો મહામુલ્યવાન સમય બરબાદ ના થાય ખેડુતોને હેરાનગતી સહન કરવાનો વારો ન આવે તેમ જણાવ્યું હતું.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મગફળીની ટેકાના ભાવે રૂા.૧૦૦૦/- થી ખરીદવાની જાહેરાત કરી ત્યારે ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.નાફેડના અધિકારીઓ સરકારનું ખરાબ દેખાય તેવું વર્તન કરી રહ્યા છે.

ખેડુત પ્રતિનિધિ મનીષભાઈ પટેલએ ભારે આક્રોશ સાથે ખેડુતો વતી જણાવ્યું હતું કે હું વર્ષોથી ખેતી કરૂ છું પરંતુ મગફળીની અંદર ક્યારે પણ ઈયળ પડતી નથી ? નાફેડના અધિકારીઓ ભુતકાળમાં મગફળી ખરીદી બાબતે લાખ્ખો કરોડ્ડો રૂપિયાના કૌભાંડમાં સંડોવાયેલા હતા.ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા આ વર્ષે ખેડુતોને અન્યાય ન થાય તે માટે મગફળીની ખરીદી ભારે ચીવટ અધિકારીઓ મારફતે રાખવામાં આવતાં નાફેડના કૌભાંડી અધિકારીઓ મનમાની કરતા હોવાના કારણે ખેડુતો અને રાજ્ય સરકાર ઉપર ખફા થઈ રહ્યા છે.

ભિલોડા મગફળી ગ્રેડર અધિકારી ભોગીલાલ આર.ડામોરએ જણાવ્યું હતું કે મગફળીની ન્યાયિક રીતે ચકાસણી યોગ્ય રીતે થાય છે પરંતુ ખરીદી દરમ્યાન મગફળીમાં ઈયળો ક્યારે પણ જોવા મળી નથી ત્યારે મગફળીની અંદર નાફેડના ગોડાઉનમાં મગફળીની અંદર ઈયળ ક્યાંથી આવે છે તે સમજાતું નથી ?

ભિલોડા પુરવઠા વિભાગ ઈન્ચાર્જ,ગોડાઉન મેનેજર એસ.કે.અસારીએ જણાવ્યું હતું કે ૧૦ જવાબદાર અધિકારીઓની દેખરેખ હેઠળ મગફળીની નિતી નિયમો મુજબ કાયદેસર રીતે ખરીદી પ્રક્રિયા થાય છે.મગફળીની ખરીદી ચોક્કસાઈ પુર્વક અને ન્યાયિક રીતે કરવામાં આવે છે પરંતુ મગફળી ભરેલી ટ્રકો રીજેક્ટ કઈ રીતે કરવામાં આવે છે તે સમજાતું નથી ? અત્રે ઉલ્લેખનીય છે કે ઈયળ, માટી, ઢેફાં, ડાંખરા સહિત વિવિધ મુદ્દા હેઠળ ૨૫ ટ્રકો મગફળી ભરેલી આજ દિન સુધીમાં પરત આવેલ છે.મગફળીનો જથ્થો ઉંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ગામમાં નાફેડના ગોડાઉનમાં મોકલવામાં આવે છે.



તલોદના મઠ વિસ્તારમાં હિરાબા હૉલમાં રવિવારે તલોદ-પ્રાંતિજ તાલુકાનું ક્ષત્રિય સંમેલન મળ્યું હતું. જેમાં ૭૦૦ જેટલા સભ્યો હાજર રહ્યા હતા. આ સંમેલનમાં સમાજના સરકારી કર્મચારીઓ, ડૉકટરો, ખેલાડીઓ, ગ્રેજ્યુએટ અને તેનાથી વધારે ભણી ચૂકેલા તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનુભાવો હાજર રહ્યા હતા.

## મોડાસાના નગીના મસ્જિદ વિસ્તારનાં મકાનમાં રંગરેલિયા મનાવતી મહિલાને પરિવારજનોએ પ્રેમી સાથે ઝડપી

મોડાસા, તા.૧

મોડાસા શહેરના લઘુમતી વિસ્તારમાં પરણિત પ્રેમી-પંખીડા લગ્નેતર સંબંધોમાં તમામ મર્યાદાઓના સીમાડાઓ ઓળંગી નગીના મસ્જિદ વિસ્તારમાં એક મકાન માલિક દ્વારા પ્રેમી પંખીડાઓને રૂમ પુરી પાડતો હોવાથી તે પરિવારના ઘરમાં વારંવાર પ્રેમલીલા આચરવા પહોંચતા આજુબાજુમાં રહેતા રહીશો તોબા પોકારી ઉઠયા હતા રહીશોએ વોચ ગોઠવી મંગળવારે બપોરે ફરીથી બંને પરણિત પ્રેમી-પંખીડા રંગરેલિયા મનાવવા પહોંચી પ્રેમમાં મગ્ન બનતા આજુબાજુના રહીશોએ પહોંચી પ્રેમી પંખીડાને કઢંગી હાલતમાં ઝડપી પાડતા એનકેન પ્રકારે પ્રેમી છટકવા સફળ રહેતા પરણિત મહિલાને પોલીસને સોંપતા પરણિત મહિલાના પરિવારજનો અને લોકોના ટોળેટોળા પોલીસ સ્ટેશન ઉમટયા હતા પરણિત મહિલાના પિયરપક્ષના લોકો પણ પોલીસ સ્ટેશન દોડી આવી




સમાધાનની પ્રક્રિયા હાથ ધરી હતી

મોડાસા શહેરની લઘુમતી સમાજની બે પુત્રીઓની માતાને સમાજનાજ પરણિત યુવક સાથે આંખ મળી જતા પ્રેમમાં પાગલ બનેલી મહિલા અને યુવકે પરિવારજનો અને સમાજ ની દરકાર કર્યા વગર પ્રેમલીલામાં મશગુલ બની પતિ કામકાજ અર્થે બહાર જતા ત્યારે બંને પ્રેમી પંખીડા નગીના મસ્જિદ વિસ્તારમાં આવેલા એક મકાનમાં મકાનમાલિક રૂપિયા લઈ રૂમ આપતો હોવાથી ત્યાં પહોંચી રંગરેલિયા માનવતા હતા મકાનમાલિક ના ગોરખધંધા થી આજુબાજુના લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા ત્યારે મંગળવારે પરણિત પ્રેમી પંખીડા રંગીન પળો માણવાના ખ્વાબમાં પહોંચતા વોચ ગોઠવી બેસેલા આજુબાજુના રહીશો મકાનમાં હલ્લાબોલ કરતા અચાનક રંગમાં ભંગ પડતાં નાસભાગ મચી હતી પ્રેમી યુવક નાસી છૂટવામાં સફળ રહેતા આજુબાજુના રહીશો પ્રેમી મહિલાને લઈ પોલીસને સોંપતા સમગ્ર ભાંડો ફૂટી જતા પરણિત મહિલાના સાસરિયા વાળા,સગા-સબંધી અને મહિલાના પિયરપક્ષ વાળા પહોંચતા ભારે હોબાળો મચ્યો હતો પરિવારની આબરૂ સાચવવા શરૂઆતમાં આક્રમક બનેલા સાસરિયા વાળા કુણા પડતાં સમાધાનની પ્રક્રિયા બંને પક્ષે હાથધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી મોડાસા શહેરમાં પરણિત મહિલા પરણિત પ્રેમી સાથે રંગરેલિયા મનાવતી રહીશોએ ઝડપી પોલીસને સોંપી હોવાની વાત વાયુ વેગે નગરમાં પ્રસરતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા નગરમાં આ મુદ્દો ભારે ચર્ચાસ્પદ બન્યો હતો.



તલોદ તાલુકાના જેઠાજીના મુવાજા ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના સરપંચ સરોજબા વિજયસિંહ ઝાલાએ જણાવ્યા અનુસાર આ કાર્યક્રમમાં આસપાસના ગામોના મળી કુલ ૫૮૧ અરજદારો હાજર રહ્યા હતા. જે તમામ અરજીઓને સ્થળ ઉપર જ નિકાલ કરવામાં આવ્યો હતો.

## અરવલ્લીમાં થર્ટી ફર્સ્ટની ઉજવણી ૪૬ શરાબ શોખીનોને ભારે પડી

અરવલ્લી જિલ્લામાં ૩૧ ડિસેમ્બરની પ્રજાજનો શાન્તિપૂર્ણ રીતે ઉજવણી કરે તે માટે પોલીસવડા મયુર પાટીલની સુચનાથી તખ્તો તૈયાર કરવામાં આવ્યો હતો. પોલીસે ૩૫ જેટલી જુદી જુદી ટીમો બનાવી હતી. દારૂ પીને રાજાપાઠમાં ફરતા લોકોને ઝબ્બે કરવા માટે પોલીસ આધુનિક બ્રેથ એનાલાઈઝરનો ઉપયોગ કર્યો હતો જેમાં ૪૬ લોકો રાજપાઠમાં ઝડપાતા જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની ૩૫ ટીમો દ્વારા વ્યૂહાત્મક સ્થળોએ પોઈન્ટ ઉભા કરવાની સાથે જીલ્લાના મુખ્યમાર્ગો અને અંતરિયાળ માર્ગો પર સતત પેટ્રોલિંગ હાથધરી દારૂના દુષણને ડામવા અને દારૂબંધીનો શખ્ત અમલવારી કરવા કામગીરી હાથધરાતા પ્રોહિબિશન એક્ટ હેઠળ ૭૧ કેસ નોંધી ૫૪ આરોપીઓની અટક કરી દારૂ ઢીંચેલા ૪૬ લોકો,અન્ય કબ્જાના ૧૭ કેસ દેશી દારૂ ૧૯ લીટર કીં.રૂ.૩૮૦/- ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૧૭૬ કીં.રૂ.૨૩૮૦૦/- તથા વાહનો મળી કુલ.રૂ.૪૩૯૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.




## થરામાં થર્ટીફસ્ટની પાર્ટીની ઉજવણી કરતા ચાર નબીરા ઝડપાયા

કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરા ખાતે ગત રાત્રી દરમિયાન થરામાં થર્ટીફસ્ટની લોકોએ અલગ અલગ રીતે ઉજવણી કરી હતી.જયારે આ ઉજવણી વચ્ચે પોલીસ એ પણ ચુસ્ત બંદોબસ્ત રાખીને શંકાસ્પદ લોકો તેમજ વાહનોનું ચેકિંગ કર્યુ હતુ.જેમાં થરા માં સોનાના દાગીના બનાવતા ચાર કારીગરો રવીન્દ્રનાથ નકુલ દોલાઈ,સુભા સનકુલ દોલાઈ,લાલન પશાન્ત દાન્તાપાન (ત્રણે રહે -હરિરામપુર,તા-દાસપુર,ધાર-પશ્ચિમ મેદનીપુર પશ્ચિમ બંગાળ),છોટુસિંગ ગણેશસિંગ (રહે-દુગરાજપુર,ધાર-પશ્ચિમ મેદનીપુર પશ્ચિમ બંગાળ) વાળાને દારૂ પીધેલ હાલત માં પકડી થરા પોલીસ સ્ટેશન ખાતે લાવી પ્રોહિ એક્ટ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

## પ્રાંતિજ સીતવાડા બોરીયા ખાતે મકાનમાં વિકૃત્તિ જાતનો ખલચિત્રો દેખાદેતા નાસભાગ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સીતવાડા બોરીયા ખાતે બોર ઉપર આવેલ એક મકાનમાં અજગર જેવો દેખાતો વિકુતીજાતનો ખળચિત્રો મકાનમાં ધુસી આવતા નાશ ભાગ મચી જવાપામી હતી તો વનવિભાગની ટીમ અને સ્નેક લવર્સ ટીમની મદદથી પકડી પાડી જગલ માં છોડવામાં આવ્યો હતો.




પ્રાંતિજના સીતવાડા બોરીયા ખાતે ખેતરમાં રહેતાં ગાભુસિંહ પુંજાસિંહ રાઠોડના મકાનમા અજગર જેવો વિકુતીજાતનો ખળચિત્રો દેખાતા મકાન માલિક સહિત આજુબાજુ ના લોકોમાં ભંય જોવા મલ્યો હતો અને નાશભાગ મચી જવા પામી હતી. મકાન માલિક દ્વારા પ્રાંતિજ વનવિભાગના વન અધિકારી ગણેશભાઈ વી. દેસાઈ કરતાં તેવો તાત્કાલિક દોડી આવ્યા હતા.

### માર્ગોની સુધારણા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરળતાથી અવરજવર કરી શકે બીજીતરફ વાઈબ્રન્ટ સમિટ જયાં યોજાવાની છે તેવા મહાત્મા મંદિર સંકુલમાં પણ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. મહાત્મા મંદિરના વિસ્તારમાં તુટેલા વોક વે તેમજ સ્ટ્રીટ લાઈટ તેમજ જાળવણી અને સફાઈની કામગીરી પણ ચાલી રહી છે. વાઈબ્રન્ટ સમિટને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા હોવાથી સમિટને અનુલક્ષી આનુસંગિક તૈયારીઓ પણ આખરી તબક્કામાં ચાલી રહી છે. નગરના માર્ગો તેમજ પ્રવેશદ્વારા સહીતના વિસ્તારમાં નવા સાઈન બોર્ડસ લગાવવા સહીત બ્યુટીફીકેશન અને સલામતીના પરિબળોને ધ્યાને લઈ તડામાર કામગીરી ચાલી રહી છે. જયારે મહાત્મા મંદિરના સંકુલમાં પણ માર્ગ સુધારણા સહીતની કામગીરી પુરજોશમા ચાલી રહી છે.

### ડિઝાઈન બદલાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જગ્યા મળતી નથી. બીજીતરફ પાર્કીંગ પ્લેસ તૈયાર કરાયા છે તેની ડિઝાઈન પણ જગ્યાને અનુરૂપ નથી. આવા સંજોગોમાં પાર્કીંગની સમસ્યા બેવડાઈ છે. શહેરમાં છેલ્લા પાંચ વર્ષમાં જ વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જેના લીધે નગરનો ટ્રાફિક સિનારીયો પણ બદલાયો છે. આવા સંજોગોમાં શહેરની સરકારી કચેરીઓમાં પણ પાર્કીંગનો પ્રશ્ન પેચીદો બનતો જાય છે જયારે નગરના જાહેર સ્થળોએ પાર્કીંગની સમસ્યા પણ શિરદર્દ સમાન બની છે. શહેરમાં પાર્કીંગના મામલે નવતર આયોજન કરવાની અનિવાર્યતા પણ હોવાનો સુર આમ નાગરિકોમાં ઉઠવા પામ્યો છે. ત્યારે હાલના પાર્કીંગ પ્લેસને અનુલક્ષીને તંત્ર દ્વારા જરૂરી સુધારા વધારા કરવાનુ આયોજન કરાયુ છે. જેમાં પાર્કીંગનો મહત્તમ ઉપયોગ થાય અને વાહનચાલકોને સરળતા રહે તે માટે કોર્મશિયલ કોમ્પલેક્ષ પાસે સ્થિત પાર્કીંગ પ્લેસની ડિઝાઈન બદલવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે. ટુંકમાં જ આ કામગીરી શરૂ કરાશે.

### રીસરફેસીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરવામાં આવી છે. જો કે નગરના હજુ કેટલાક માર્ગોની દશા સુધારવાનુ કામ બાકી છે. જેમાં શહેરના આંતરિક માર્ગોના પણ કામો બાકી છે. ત્યારે આ કામગીરી પણ ઝડપથી પુર્ણ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેર ઉપરાંત જિલ્લાના વિવિધ માર્ગોનુ કામ પણ હાથ ધરાયુ છે. વાઈબ્રન્ટ દરમિયાન દેશ વિદેશના વી વી આઈ પી મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનવાના હોવાથી માર્ગ સુધારણા સહીત સુશોભન અને સલામતીના મુદ્દે વિશેષ ધ્યાને કેન્દ્રીત કરાયુ છે. જયારે બાકી રહેતા માર્ગોની દશા સુધારવા વાઈબ્રન્ટ સમિટના અંતે પણ કામગીરી હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. જેમાં જ-૫ થી ક-૫ સુધીના ૭ કી મી ના માર્ગનુ સરફેસીંગ પણ હાથ ધરાશે. આ માર્ગને યોગ્ય કરવા માટે અંદાજિત રૂ ૪.૩૯ કરોડનો ખર્ચ કરાશે. જો કે આ કામગીરી આગામી વાઈબ્રન્ટ સમિટના અંતે આ માર્ગની સુધારણાનુ કામ હાથ ધરાશે.

### મંદિર મુદ્દે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જો દંડની રકમ ચુકવી દેવામાં આવશે તો મદદ કરવામાં આવશે. જો કે કાળા નાણાં ધરાવનાર લોકો માની રહ્યા હતા કે ભુતકાળની જેમ મોદી પણ કામ કરશે. જેથી કાળા નાણાં જમા કરવા માટે ખુબ ઓછા લોકો આગળ આવ્યા હતા. આરબીઆઈના ગવર્નર તરીકે થોડાક સમય પહેલા રાજીનામુ આપનાર ઉર્જિત પટેલના મામલે મોદીએ કહ્યુ હતુ કે વિપક્ષના આરોપો આધારવગરના છે. વિપક્ષના આરોપો રહ્યા છે કે સરકારના દબાણના કારણે ઉર્જિત પટેલે રાજીનામુ આપ્યુ હતુ. મોદીએ વિપક્ષના આરોપોનો જવાબ આપતા કહ્યુ હતુ કે ઉર્જિત પટેલે પોતે વ્યક્તિગત કારણોસર રાજીનામુ આપ્યુ હતુ. મોદીએ કહ્યુ હતુ કે તેઓ પહેલી વખત આ બાબત કહી રહ્યા છે કે ઉર્જિત ૬-૭ મહિનાથી રાજીનામુ આપી દેવા માટે તેમને કહી રહ્યા હતા. ઉર્જિતે લેખિતમાં પણ આ વાત કરી હતી. રાજકીય કોઈ દબાણ હોવાનો મોદીએ સાફ ઈન્કાર કર્યો હતો. ઉર્જિત પટેલની પ્રશંસા કરતા મોદીએ કહ્યુ હતુ કે ઉર્જિત આરબીઆઈના ગવર્નર તરીકે ખુબ સારુ કામ કરી રહ્યા હતા. મોદીએ આર્થિક મુદ્દા પર વાત કરી હતી. મોદીએ પોતાના ઈન્ટરવ્યુ દરમિયાન આક્ષેપ કરતા કહ્યુ હતુ કે દેશ પર ચાર પેઢીથી શાસન કરનાર અને પોતાને પ્રથમ પરિવાર તરીકે સમજનાર લોકો આજે જામીન પર છે. આ લોકો પણ નાણાંકીય અનિયમિતતાના કારણે જામીન પર છે.

### ટોપ ફોર્મ્યુલા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જોડી દેવામાં આવનાર છે. એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે મંત્રાલય ટોપના ટ્રેડ મેપને તૈયાર કરવામાં વ્યસ્ત છે. આમાં તમામ પ્રકારની વિગત વેરાઈટીઝ, પ્રાઈસ, વિક્રેતા, ખરીદારી અને પ્રોસેસર્સ સામેલ છે. જેના કારણે મુલ્ય અને માંગની આગાહી પણ કરી શકાશે. આંતરરાષ્ટ્રીય સ્તર પર ખરીદારો અને ઉત્પાદકો સાથે જોડાયેલા આંકડા માટે અમે સ્કોટલેન્ડ અને બીજા દેશો સાથે સંપર્કમાં છીએ. અધિકારીઓએ કહ્યુ છે કે આ પ્રકારના પગલાના લીધે મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર અને બંગાળના ખાસ ટોપ ક્લસ્ટરના લાખો ખેડુતોને સીધો ફાયદો થશે. કેન્દ્રિય પ્રધાન રાધા મોહન સિંહે કહ્યુ હતુ કે ટોપ સ્કીપ હેઠળ કૃષિ પ્રોસેસિંગ માટે ટામેટા, ડુંગળી અને બટાકાના ક્લસ્ટર સ્થાપિત કરવામાં આવશે. મુલ્ય અને માંગની ભવિષ્યવાણી પર ધ્યાન કેન્દ્રિત કરીને ખેડુતો આ બાબત નક્કી કરી શકશે કે વધુમાં વધુ ફાયદા માટે કયા પાક તેમના માટે લાભકારક રહેશે. છેલ્લા ચાર વર્ષથી સરકાર ખેડુતોની સમસ્યાને લાંબા ગાળા માટે ઉકેલી દેવા માટે સમાધાન પર કામ કરી રહી છે.

### કાદરખાનનું અવસાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફિલ્મોમાં સંવાદ લખ્યા હતા તે અમર ફિલ્મો છે. મનમોહન દેસાઈની સાથે મળીને ધર્મવીર, ગંગા જમુના સરસ્વતી, કુલી, દેશ પ્રેમી, સુહાગ, અમર અકબર એન્થોન અને મહેરાન સાથે જ્વાલા મુખી, શરાબી, લાવારીસ, મુકદ્દર કા સિકન્દર,જેવી ફિલ્મોમાં યાદગાર સંવાદ લખ્યા હતા. ખાને કુલી નંબર વન, મે ખેલાડી તુ અનાડી,, કર્મા, સલ્તનત જેવી ફિલ્મોના સંવાદ પણ લખ્યા હતા. કાદરખાનને તેમના ચાહકો ક્યારેય ભુલી શકશે નહીં. કાદર ખાને વર્ષ ૧૯૭૩માં આવેલી ફિલ્મ દાગ મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. પોતાના ભવ્ય અભિનયના કારણે ત્યારબાદ ક્યારેય પાછળ વળીને જોયુ ન હતુ. દાગ ફિલ્મમાં રાજેશ ખન્નાની મુખ્ય ભૂમિકા હતી. તે પહેલા કાદર ખાન રણધીર કપુર અને જયા બચ્ચનની ફિલ્મ જવાની દિવાનીના સંવાદ લખી ચુક્યા હતા. એક પટકથાકાર અને લેખક તરીકે તેમની છાપ ખુબ જોરદાર રહી હતી.

### માર્ગ છોડીશું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બંને નેતાઓની ચર્ચા બાદ ઉત્તર કોરિયાએ એક પણ મિસાઈલનું પરીક્ષણ કર્યુ નથી તેમ છતાં અમેરિકાએ ઉત્તર કોરિયાને પોતાના પ્રતિબંધમાંથી કોઈ રાહત આપી નથી. કિમ જોંગ ઉને રાષ્ટના ટેલિવિઝન પર જણાવ્યું હતું કે જો અમેરિકા દુનિયાની સામે આવીને પ્રતિબંધ હટાવવાનું પોતાનું વચન પાલન કરશે નહીં અને અમારા પર દબાણ બનાવવાનું ચાલુ રાખશે તો અમારે બીજો માર્ગ અપનાવવો પડશે. રાષ્ટ્રહિત અને સાર્વભૌમત્વ માટે આ જરૂરી છે. ઉત્તર કોરિયા પર સયુંક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા અનેક પ્રતિબંધો લગાવાયા છે. જેમાં પરમાણુ અને બેલિસ્ટિક મિસાઈલ હથિયારોના કાર્યક્રમો પર પ્રતિબંધ લાગ્યો છે. કિમે કહ્યું કે હું અમેરિકાના રાષ્ટ્રપતિ સાથે ગમે ત્યારે વાતચીત કરવા તૈયાર છું અને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા સ્વીકાર્ય પરિણામો કાઢવાનો સંપૂર્ણ પ્રયત્ન કરીશું.